RNI REG. NO. GUJGUJ/2008/24444

# અનાવિલ જ્યોત

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાનું મુખપત્ર**

JANUARY ❁ FEBRUARY ❁ MARCH - 2026 Year : 18 Vol. : 1




















The Real Royal Taste....


DeSai Caterers

Shiv Sai
Mandap Service


WE ARE SPECIALIZED IN



Corporate Events



Marriages & Reception



Birthday Parties



Seminars

Our Party Plots:

1. **Vraj Party Plot – Anand**
   Nr. Hyundai Showroom,
   Chikodara Chokdi, Anand
2. **Velchand banker**
   Opp Lohana seva mandal,
   Arya kanya road, Karelibaug
3. **Vasvik Auditorium**
   Nr. Trident Complex,
   Alkapuri, Vadodara

Contacts:
Mr. Upendra Desai - 98240 13293 | Mr. Mitul Desai - 99789 13286
Mr. Kirit Desai - 98240 46469 | Mr. Ronak Desai - 98250 46469

www.desaicaterers.com
info@desaicaterers.com

B-15, Shreeji Market Nr. Nageshwar Mahadev Temple, Harni Road, Vadodara - 22

EVA BANQUETS
LET'S CELEBRATE....

Welcome to The Eva Banquets

Desai Caterers New Venture

CAPACITY OF 750 GUESTS

DESAICATERERS

9825046469 /Desai caterers & events

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા પ્રકાશિત**

**અનાવિલ જ્યોત**

**કાર્યાલય**
**શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન**
**આત્મારામ રોડ, કારેલીબાગ,**
**વડોદરા - ૩૯૦૦૧૮.**
**મો. ૯૪૦૮૩૫૫૯૪૫**
**મો. ૬૩૫૧૫૬૩૧૩૯**
**ફોન :૦૨૬૫ ૨૪૬૫૪૯૯**

**પ્રમુખશ્રી**

**શ્રી દિપકભાઈ એમ. દેસાઈ**
**૪૦૧, ઓપલેન્સ ગ્રીન,**
**અક્ષર પેવેલીયન,**
**ભાયલી , વડોદરા.**
**મો. ૯૩૭૬૨૧૨૨૭૫**

**મંત્રીશ્રી**

**શ્રી ગિરિશ એમ. દેસાઈ**
**સી-૨ , તિલક પાર્ક સોસાયટી,**
**હરણી રોડ, વડોદરા-૩૯૦૦૨૩.**
**મો. ૯૯૭૮૯૧૦૮૪૨**

**સંપાદકશ્રી**

**શ્રી દિપક જી. દેસાઈ (ONGC)**
**મો. ૯૪૨૮૫૧૯૦૬૬**

**સહ સંપાદકશ્રી**

**શ્રીમતિ સીમા પી. દેસાઈ**
**મો. ૯૯૨૫૦૩૯૯૭૪**
**શ્રી નિરવભાઈ આર. દેસાઈ**
**૯૧૭૩૦૮૩૫૪૦**

Website : www.apmvadodara.org

Email : anavilpragatimandal@yahoo.com

Facebook :- https://www.facebook.com/share/15CfYikunq/


# આગામી કાર્યક્રમો

(૧) **સમૂહ યજ્ઞોપવિત :-**

તા.૩ મે , ૨૦૨૬ રવિવારના રોજ શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાની મહિલા પાંખ દ્વારા મંડળના પ્રાંગણમાં સમૂહ યજ્ઞોપવિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે ત્રણ બટુકના પરિવારો લાભ લેનાર છે.

(૨) **આર્થિક અને વિધવા સહાય :-**

આથી જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭ માટે આર્થિક અને વિધવા સહાય મેળવવા માટેની અરજી સ્વીકારવામાં આવે છે. આ અરજી ૨૫ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં જરૂરથી ડોક્યુમેન્ટસ સાથે ભવનની ઓફિસમાં અચૂક જમા કરાવવા.

**નોંધ :** વાર્ષિક રૂા. ૪ લાખથી ઓછી આવક ધરાવનાર સભાસદો અરજી કરી શકે છે.

(૩) **ફરાસખાનાનો કોન્ટ્રાક્ટ :-**

સહર્ષ જણાવવાનું કે મંડળની ફરાસખાના કમિટિ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટેના ફરાસખાના અને લાઈટ ડેકોરેશન સેવા સંદર્ભે ટેન્ડર મંગાવવામાં આવેલ જે પ્રક્રિયા બાદ રોનક દેસાઈ ઈવેન્ટ સર્વિસીસના શ્રી રોનક કિરીટભાઈ દેસાઈને રૂા.૧૪,૦૧,૦૦૦/- અંકે રૂપિયા ચૌદ લાખ એક હજાર ના દરે ફરાસખાનાના વાર્ષિક ઈજારદાર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. (અભિનંદન)

**નોંધ :- અનાવિલ સભાસદ પરિવારજનોને ફરાસખાનું ૫૦% રાહત દરે આપવામાં આવશે.**

**આજીવન સભાસદ બાબત**

**માનનીય અનાવિલ સભાસદ ભાઈઓ / બહેનો,**

**આ સાથે આજીવન સભાસદ બાબતે તમામને જણાવવાનું કે , અનાવિલ પ્રગતિ મંડળ વડોદરામાં આજીવન સભાસદ મેળવવાનું સભ્યપદ જે તે સભ્યની હયાતી સુધી જ માન્ય રહે છે અને તેવા પરિવારજનોને મંડળ તરફથી પોતાના પરિવારના શુભ / અશુભ પ્રસંગોએ ભવનભાડામાં રાહત આપવામાં આવે છે અને ફરાસખાનાનો ચાર્જ પણ ૫૦% ના દરે વસુલવામાં આવે છે. તેમજ પરિવારજનોના વિદ્યાર્થીઓને લાઈબ્રેરી સહિતની ફેસીલીટી તથા અન્ય સવલતો આપવામાં આવે છે. સભાસદના અવસાનબાદ આ લાભો મેળવવા માટે પરિવારના અન્ય વ્યક્તિએ ફરજિયાત સભ્યપદ મેળવવું જરૂરી છે. આ વાત ધ્યાનમાં રાખી જે પરિવારને ત્યાં એક જ સભાસદ હોય અને તેઓનું અવસાન થયું હોય તેવા પરિવારોને વિનંતી કે સત્વરે પરિવારના કોઈ પણ સદસ્યએ અનાવિલ ભવનમાંથી આજીવન સભાસદનું ફોર્મ મેળવીને જરૂરી દસ્તાવેજો સાથે જમા કરીને આગામી ત્રણ મહિનામાં સભ્યપદ મેળવી લેવું જરૂરી છે. જેથી સમાજ દ્વારા આપવામાં આવતી તમામ સવલતો મેળવી શકાશે.**

**નોંધ : જે પરિવારમાંથી તેમના એક સભ્યપદ ધરાવનાર વ્યક્તિનું અવસાન થયેલ હોય તેવા પરિવારોએ આ વાતની ખાસ નોંધ લઈ સભ્યપદ મેળવી લેવું.**

**મંત્રીશ્રી**
**ગિરિશભાઈ દેસાઈ**

**પુસ્તક સહાય માટે લાયબ્રેરી કમિટિ દ્વારા આ વર્ષ ૨૦૨૬-૨૭ થી ધોરણ ૧ થી ૧૨ અને ડિપ્લોમા / કોલેજ ના વિદ્યાર્થી માટે પુસ્તક સહાય આપવામાં આવશે. જેની વિગત અંદરના પાના પર વિદ્યાર્થી ડેટા ફોર્મમાં (પુસ્તક સહાય માટે) આપેલ છે. ફૂલ સ્કેપ બુકનું વિતરણ તા. ૦૧-૦૫-૨૦૨૬ થી ચાલુ કરવામાં આવશે. કિંમત રૂા.૧૦ / - (પ્રતિ બુક) રાખવામાં આવેલ છે.**

## પ્રમુખશ્રીનું નિવેદન

પ્રિય જ્ઞાતિજનો,

સૌપ્રથમ આપ સૌને હાર્દિક વંદન અને અભિનંદન. આપણા સમાજના સર્વાંગી વિકાસમાં આપ સૌનો સહકાર, સમર્પણ અને સક્રિય ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે.

ગત વર્ષ દરમિયાન સમાજ દ્વારા અનેક ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા. મહિલા પાંખ , યુવા પાંખ અને તમામ સમિતિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને દરેક કાર્યક્રમને યાદગાર બનાવ્યો. ૨૬મી જાન્યુઆરી વયસ્ક વડીલ (sinior citizen)નો કાર્યક્રમ તેમજ ૮મી માર્ચ મહિલા દિનની ઉજવણી ખુબ જ પ્રસંશા પાત્ર રહ્યા. શિક્ષણ સહાય, આરોગ્ય કેમ્પ, તહેવારોની ઉજવણી અને સામાજિક એકતા વધારવાના પ્રયાસો આપણા માટે ગૌરવની વાત છે.

આગામી વર્ષ માટે પણ અમારું ધ્યેય વધુ સુવ્યવસ્થિત અને અસરકારક આયોજન કરવાનો છે. આયોજન મુજબ નીચેના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આ માટે નવયુવાનો સાથ આપવા માટે તૈયાર છે.

ધાર્મિક પ્રસંગો

આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નવી પહેલ

યુવાનો માટે માર્ગદર્શન અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો

વેકેશન દરમ્યાન અધીક માસ હોવાથી બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરેલ છે.

મહિલા પાંખ દ્વારા વિશેષ પ્રવૃત્તિઓ

સમાજ એકતા અને સહભાગિતાને મજબૂત બનાવવાના કાર્યક્રમો

સૌથી વધુ જરૂરત છે સભ્ય વધારવાની . આ માટે હું નવયુવાનોને વિનંતી કરુ છુ.

દસ અને બાર પછી carrier guidance seminar નું આયોજન નો પણ વિચાર છે.

આપ સૌને વિનંતી કે આ તમામ કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બની સમાજને વધુ મજબૂત બનાવશો. આપના સૂચનો અને સહકારથી જ આપણે વધુ સારું કાર્ય કરી શકીશું.

આપ સૌનો વિશ્વાસ અને સહયોગ અમારા માટે પ્રેરણાસ્ત્રોત છે. આવનારા વર્ષમાં આપણે વધુ ઊર્જા અને ઉત્સાહ સાથે સમાજ સેવા માટે પ્રતિબદ્ધ રહેશું.
સાદર,

**દિપક એમ. દેસાઈ**
**પ્રમુખ**

## -ઃ પુરુષોત્તમ માસની કથા જાહેર આમંત્રણ ઃ-

વડોદરામાં કારેલીબાગ સખીવૃંદ તરફથી અધિક માસમાં શ્રી પુરુષોત્તમ માસની કથા તા. ૨૮-૦૫-૨૦૨૬ , ગુરુવારથી તા. ૦૩-૦૬-૨૦૨૬ ને બુધવાર સુધી રાખવામાં આવી છે. તો સૌ કોઈ ભાઈબહેનોને કથાનો લાભ લેવા વિનંતિ .

**કથાકાર - શ્રી તૃષારજી મહારાજ (વલસાડ)**
**સ્થળ - અનાવિલ ભવન**
**સમય - બપોરે ૩ થી ૬ સુધી**

**સખીવૃંદ**
**સીમાબેન દેસાઈ**

# વયસ્ક વડીલ સન્માન તા.૨૬-૦૧-૨૦૨૬

શ્રી મહાદેવભાઈ અનાવિલ પ્રગતિ મંડળ દ્વારા એક સુંદર સંગીતમય, ડાન્સમય, " વયસ્ક વડીલ સન્માન " (એક શામ સિનિયર સિટિઝન કે નામ) ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વડીલોનું પુષ્પ આપી ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના કન્વીનર શ્રી આશિષભાઈ દેસાઈ (ટ્રસ્ટીશ્રી) અને સહકન્વીનર શ્રીમતિ કૃતિબેન દેસાઈ (ટ્રસ્ટીશ્રી) અને ડાન્સ કોરિયોગ્રાફર શ્રીમતિ સીમાબેન પી. દેસાઈ (ટ્રસ્ટીશ્રી) ના સંનિષ્ઠ પ્રયાસથી સંગીત, નૃત્ય અને ગમ્મત કરતાં કરતાં આ કાર્યક્રમને ખુબજ સફળ બનાવ્યો હતો. અને તમામ વડીલો આનંદથી ઝુમી ઉઠયા હતા. અને તમામને ખુબ જ મઝા આવી હતી.

કાર્યક્રમ ની શરૂઆત આપણા રાષ્ટ્રગીત થી કરવામાં આવી હતી. ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી (ટ્રસ્ટીશ્રી) દિપકભાઈ એમ. દેસાઈ તથા દર વર્ષની માફક આ વર્ષે પણ જે પરિવાર તરફથી શાલ આપવામાં આવે છે. તે શ્રીમાન શ્રી શરદભાઈ દેસાઈ અને શ્રીમતિ પદ્મીનીબેન એસ. દેસાઈ (મુંલુંડ-મુંબઈ) ના વરદ હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૭૦ વર્ષ થી વધુ વયના સર્વે અનાવિલ વયસ્ક વડીલોને સન્માનિત કર્યા હતાં અને જે વયસ્ક વડીલ દંપતી જેમણે એકમેકના સહારે લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તે તમામ વડીલો અને વડીલ દંપતીઓને શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હો આપીને મહિલા પાંખની તમામ બહેનો અને મંડળના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ ઘણા બધા વયસ્ક વડીલોએ ડાન્સ, રેમ્પ વોક, કપલ ડાન્સ, પણ કર્યા હતા. આ તમામ નું કોરિયોગ્રાફી આપણા ટ્રસ્ટીશ્રી શ્રીમતિ સીમાબેન પી. દેસાઈ દ્વારા કરવામાં આવ્યુ હતું. અને ઘણા વયસ્ક વડીલો એ ફિલ્મીગીતો, રાષ્ટ્રગીતો પણ ગાયા હતા.

ત્યારબાદ કાર્યક્રમના સહકન્વીનર ટ્રસ્ટીશ્રી શ્રીમતિ કૃતિબેન દેસાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

**નોંધ :-** કાર્યક્રમમાં જે મુંબઈ પરિવાર શ્રી શરદભાઈ દેસાઈ અને શ્રીમતિ પદ્મિનીબેન એસ. દેસાઈએ હાજરી આપી શોભા વધારી હતી. તેવા શ્રીમતિ પદ્મિની બેનનું ચાર દિવસ બાદ તા.૨૯-૦૧-૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ હતું. પ્રભુ દિવંગત આત્માને શાંતિ આપે.

**કાર્યક્રમમાં ભાગ લેનારના નામ :-**

**-: <u>કપલ ડાન્સ</u> અને રેમ્પ વોક :-**

(૧) દિપકમામા -વંદનાબેન (૨) નૂતનભાઈ - લીનાબેન (૩) ગિરિશભાઈ - વર્ષાબેન (૪) દિપકભાઈ (C.A) - બીનાબેન ૫) ગિરિશભાઈ - મમતાબેન

**-: ગૃપ ડાન્સ અને રેમ્પ વોક :-**

૧) ગીરાબેન દેસાઈ (૨) નયનાબેન દેસાઈ (૩) ગીતાબેન દેસાઈ (૪) સંધ્યાબેન દેસાઈ (૫) રીટાબેન દેસાઈ (૬) બીનાબેન દેસાઈ (૭) સ્વાતિબેન દેસાઈ (૮) વંદનાબેન દેસાઈ (૯) લીનાબેન દેસાઈ (૧૦) બીનાબેન દેસાઈ (૧૧) વર્ષાબેન દેસાઈ (૧૨) મમતાબેન દેસાઈ (૧૩) લતિકાબેન દેસાઈ

**-: સિનિયરસિટીઝન ગીતો ગાવાવાળા નામ :-**

૧) દિપકભાઈ દેસાઈ (પ્રમુખશ્રી) (૨) ગિરીશભાઈ દેસાઈ (૩) દિપકભાઈ દેસાઈ (C.A) (૪) વિનોદભાઈ વશી (૫) મનુભાઈ નાયક (૬) જયોતિબેન દેસાઈ (૭) વર્ષાબેન દેસાઈ (૮) ગીરાબેન દેસાઈ (૯) સીમાબેન આર. દેસાઈ

**નોંધ :-** આ ગૃપ ડાન્સમાં જે શ્રીમતિ મમતાબેન ગિરીશભાઈ દેસાઈએ ડાન્સ કરીને પ્રોગ્રામની શોભા વધારી હતી તેવા આ શ્રીમતિ મમતાબેનનું દુ:ખદ અવસાન તા.૨૩-૦૨-૨૦૨૬ ના રોજ થયું હતું. પ્રભુ દિવંગત આત્મા ને શાંતિ આપે.


**કન્વીનરશ્રી આશિષભાઈ ડી. દેસાઈ (ટ્રસ્ટીશ્રી)**
**સહકન્વીનર શ્રીમતિ કૃતિબેન ટી. દેસાઈ (ટ્રસ્ટીશ્રી)**

## અનાવિલ ગૌરવ



**એંધલ :** હાલ એ-૨, પ્રિયા ડુપ્લેક્ષ, સુભાનપુરા, વડોદરાના શ્રીમતિ નીતાબેન અને શ્રી અજીતભાઈ કીકુભાઈ દેસાઈના સુપુત્ર ચિ.મિતેશ ની અમેરિકા સ્થિત Service Now કંપનીમાં પ્રમોશન મળેલ છે અને હાલમાં ડિરેકટર પદે નિયુક્ત કરવામાં આવેલ છે. - હાર્દિક અભિનંદન...

**દેગામ :** હાલ સ્વામીનારાયણનગર સોસાયટી નં - ૪, હરણી રોડ, વડોદરાના શ્રી અરુણકુમાર ડી. દેસાઈ એ સાંસદ ખેલ મહોત્સવની ક્રિકેટ સ્પર્ધામાં ઉં.વ. ૭૫+ એ 8th ગુજરાત સ્ટેટ માસ્ટર ગેમ-તા.૧૮-૦૧-૨૦૨૬ , એમ.એસ. યુનિવર્સીટી ગ્રાઉન્ડ પર ૪૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર અને લોંગ જમ્પ (૧.૫૫ અંતર)માં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. - હાર્દિક અભિનંદન...



# ANAVIL PREMIER LEAGUE - 2025

WE HAVE ORGANIZED **APL 2025** ON **10TH & 11TH JANUARY' 2026** AT ARYON CRICKET ACADEMY THIS YEAR. The best part of this APL 2025 was, we had all the matches **Live on You Tube**, which was the fist time in the history on the Anavil Premier League.

We had received Registrations of **68 Players** for APL 2025 & which were divided into **5 Teams** through **Auction** to balance the teams.

| TEAM A<br>ANAVIL SUPER KINGS<br>TeamOwner - Jay | TEAM B<br>ANAVIL SNIPERS<br>TeamOwner - Abhi | TEAM C<br>ANAVIL DHURANDHAR<br>TeamOwner - Ashish | TEAM D<br>ANAVIL CHAMPIONS<br>TeamOwner - Anish | TEAM E<br>ANAVIL FIGHTERS<br>TeamOwner - Satyam |
|---|---|---|---|---|
| 1. Karan | 1. Ankur | 1. Axay | 1. Chintan | 1. Aakar |
| 2. Sunny | 2. Tapan | 2. Parimal | 2. Snehal | 2. Hitarth |
| 3. Tarun | 3. Ronak | 3. Viral | 3. Himanshu | 3. Jatin |
| 4. Ankur | 4. Harsh | 4. Vaibhav | 4. Viral | 4. Maulik |
| 5. Tejas | 5. Shivam | 5. Milind | 5. Shiv | 5. Paresh |
| 6. Bankim | 6. Samir | 6. Hemal | 6. Mitul | 6. Pradip |
| 7. Mihir | 7. Krunal | 7. Pallav | 7. Amar | 7. Pratham |
| 8. Ravi | 8. DAN | 8. Rushi | 8. Premal | 8. Preet |
| 9. PD | 9. Deep | 9. Trushant | 9. Sapan | 9. Raj |
| 10. Rohan | 10. Dhruv | 10. Dev | 10. Dhanesh | 10. Tejas |
| 11. Vidit | 11. Shivam | 11. Ujjaval | 11. Jay | 11. Trohan |
| 12. Kshamik | 12. Samarth | 12. Bhaumik | 12. Bhavin | 12. Vraj |
| | 13. Vishal | | 13. Hemant | |

**Results of each Match of the Tournament (APL 2025):**

APL 2025 held on 10th & 11th Jan' 2026 this time. List of Man of The Match Players for every match are as below:

| | | | |
|---|---|---|---|
| **1)** | **Match 1 :-** | Anavil Super Kings Vs Anavil Snipers | **Man of The Match : Ronak Vashi** |
| **2)** | **Match 2 :-** | Anavil Dhurandhar Vs Anavil Champions | **Man of The Match : Shiv Naik** |
| **3)** | **Match 3 :-** | Anavil Super Kings Vs Anavil Fighters | **Man of The Match : Hitarth Desai** |
| **4)** | **Match 4 :-** | Anavil Snipers Vs Anavil Dhurandhar | **Man of The Match : Dev Desai** |
| **5)** | **Match 5 :-** | Anavil Fighters Vs Anavil Champions | **Man of The Match : Pratham Naik** |
| **6)** | **Match 6 :-** | Anavil Dhurandhar Vs Anavil Super Kings | **Man of The Match : Mihir Naik** |
| **7)** | **Match 7 :-** | Anavil Champions Vs Anavil Snipers | **Man of The Match : Ronak Vashi** |
| **8)** | **Match 8 :-** | Anavil Fighters Vs Anavil Dhurandhar | **Man of The Match : Pratham Naik** |
| **9)** | **Match 9 :-** | Anavil Champions Vs Anavil Super Kings | **Man of The Match : Karan Naik** |
| **10)** | **Match 10 :-** | Anavil Fighters Vs Anavil Super Kings | **Man of The Match : Aakar Desai** |

11) **Semifinal 1 :-** Anavil Dhurandhar Vs Anavil Fighter s **Man of The Match : Pallav Naik**

12) **Semifinal 2 :-** Anavil Super Kings Vs Anavil Snipers **Man of The Match : Karan Naik**

13) **Final Match :-** Anavil Dhurandhar Vs Anavil Super Kings **Man of The Match : Pallav Naik**

**WINNER TEAM**
**ANAVIL DHURANDHAR**
**TEAMOWNER - ASHISH**

1. Axay
2. Parimal
3. Viral
4. Vaibhav
5. Milind
6. Hemal
7. Pallav
8. Rushi
9. Trushant
10. Dev
11. Ujjaval
12. Bhaumik



**RUNNERS UP TEAM**
**ANAVIL SUPER KINGS**
**TEAMOWNER - JAY**

1. Karan
2. Sunny
3. Tarun
4. Ankur
5. Tejas
6. Bankim
7. Mihir
8. Ravi
9. PD
10. Rohan
11. Vidit
12. Kshamik

**Batsman of The Tournament : Karan Naik**
**Bowler of The Tournament : Pratham Naik**
**Fielder of The Tournament : Shivam Desai**
**PLAYER OF THE TOURNAMENT : KARAN NAIK**

**Sports Commitee :**
**1) Ankur Desai 2) Abhijit Desai 3) Jay Vashi 4) Anish Desai 5) Himanshu Desai 6) Satyam Desai**
**Trustee Co-Ordinator:**
**Ashish Desai**
**Kruti Desai**

## મહિલા દિવસ તા.૦૮-૦૩-૨૦૨૬

તા. ૦૮-૦૩-૨૦૨૬ના રોજ અનાવિલ ભવનમાં અનાવિલ પ્રગતિ મંડળની મહિલા પાંખ દ્વારા મહિલા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરાની મહિલાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક અને આનંદથી ભાગ લઈ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

**Pick up Glass ની રમતમાં જીતનાર બહેનોના નામઃ**
રક્ષા દેસાઈ, મિત્તલ દેસાઈ, ભાવનાબેન દેસાઈ, વેનિકા વશી
હાઉસીની રમત માટે આશાબેન પરીખ અને કલ્પનાબેન હાજર રહ્યા હતા અને તેમણે ખૂબ સુંદર રીતે રમત રમાડી હતી.
**હાઉસી જીતનાર બહેનોના નામઃ**
**1st line -** મિત્તલ દેસાઈ, કોમલ દેસાઈ **2nd line -** રક્ષાબેન, ઉષાબેન **3rd line -** નયનાબેન દેસાઈ, આદ્યા દેસાઈ
**4th corner -** દિશા વશી **Quick Seven -** કૃતિ દેસાઈ, શ્રિજા દેસાઈ **First 8 Numbers -** કૃતિ દેસાઈ
**Full House -** કલ્પનાબેન દેસાઈ, હેતલ દેસાઈ, અંકિતા દેસાઈ, સ્મિતા નાયક, મિત્તલ દેસાઈ અને ચારુલતાબેન દેસાઈ
**હાઉસી (2nd ગેમ) જીતનાર બહેનોના નામઃ**
**Full House -** સરોજબેન દેસાઈ, રક્ષા દેસાઈ, નયનાબેન દેસાઈ
મહિલા પાંખની તમામ બહેનોએ ખૂબ આનંદથી કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમ બાદ પ્રીતિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**મહિલા પાંખ**
**લતિકા દેસાઈ (કન્વીનર)**
**ભક્તિબેન દેસાઈ (સહ કન્વીનર)**

## ૭૦+ વયસ્ક વડીલોનું શાલથી સમ્માન

| | નામ | ઉંમર |
|---|---|---|
| ૧) | શ્રીમતિ દક્ષાબેન વિપીનચંદ્ર દેસાઈ | ૭૧ |
| ૨) | શ્રીમતિ ભક્તિબેન દિપકભાઈ દેસાઈ | ૭૦ |
| ૩) | શ્રીમતિ ભાવનાબેન વિનોદભાઈ વશી | ૭૦ |
| ૪) | શ્રીમતિ શોભનાબેન સુરેશભાઈ દેસાઈ | ૭૯ |
| ૫) | શ્રીમતિ લીનાબેન ભદ્રેશભાઈ દેસાઈ | ૭૦ |
| ૬) | શ્રીમતિ ઈન્દુબેન કે. નાયક | ૭૦ |
| ૭) | શ્રીમતિ ભારતીબેન યોગેશભાઈ નાયક | ૭૦ |
| ૮) | શ્રીમતિ સ્મિતાબેન સતીષભાઈ નાયક | ૭૨ |
| ૯) | શ્રીમતિ સ્વાતિબેન નિખિલભાઈ દેસાઈ | ૭૦ |
| ૧૦) | શ્રીમતિ કાન્તાબેન મહેન્દ્રભાઈ દેસાઈ | ૮૪ |
| ૧૧) | શ્રી ચેતનકુમાર રમણલાલ દેસાઈ | ૭૦ |
| ૧૨) | શ્રીમતિ શોભાબેન ચેતનભાઈ દેસાઈ | ૭૦ |
| ૧૩) | શ્રી અતુલભાઈ આર. દેસાઈ | ૭૭ |
| ૧૪) | શ્રીમતિ પુષ્પાબેન અતુલભાઈ દેસાઈ | ૭૪ |
| ૧૫) | શ્રી સતીષભાઈ વશી | ૭૨ |
| ૧૬) | શ્રી રાજેન્દ્રભાઈ ડી. દેસાઈ | ૭૦ |
| ૧૭) | શ્રી મહેશ ઈશ્વરલાલ દેસાઈ | ૭૩ |
| ૧૮) | શ્રી પ્રોજ્ઞેશ સી. દેસાઈ | ૭૦ |
| ૧૯) | શ્રી દિપકભાઈ જી. દેસાઈ | ૭૦ |
| ૨૦) | શ્રી પ્રવિણભાઈ એન. દેસાઈ | ૭૦ |
| ૨૧) | શ્રી બળવંતરાય જી. નાયક | ૭૨ |
| ૨૨) | શ્રી અશ્વિનભાઈ જી. નાયક | ૭૧ |
| ૨૩) | શ્રી જયદેવભાઈ વી. દેસાઈ | ૭૦ |
| ૨૪) | શ્રી રણજીતભાઈ નાયક | ૭૩ |
| ૨૫) | શ્રીમતિ હિનાબેન નાયક | ૭૩ |

## ૫૦+ લગ્નના પૂર્ણ દંપતિનું સમ્માન

| | નામ | લગ્ન વર્ષ |
|---|---|---|
| ૧) | શ્રી વિનોદરાય જી નાયક<br>શ્રીમતિ રેનુકાબેન વી. નાયક | ૫૦ |

સ્વ. જયંતિલાલ દેસાઈના સ્મરણાર્થે મુંલુંડ નિવાસી શ્રી શરદભાઈ દેસાઈ તેમજ શ્રી કિશોરભાઈ ના પરિવાર દ્વારા પ્રતિ વર્ષ શાલની વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી શરદભાઈ દેસાઈ**
**(મુંબઈ , અનાવિલ સમાજ)**

# યજ્ઞોપવિત

આપણા અનાવિલ પ્રગતિ મંડળના આંગણે વર્ષોવર્ષ સમૂહ યજ્ઞોપવિતનો પ્રસંગ ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ તા.૦૩-૦૫-૨૦૨૬ના રોજ બટુકોને જનોઈ આપવાનું નક્કી થયું છે.

ખાસ કરીને આપણે અનાવિલો, બ્રાહ્મણો, લોહાણા તથા રજપૂતોમાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવે છે. અગ્નિની સામે અને સૂર્યની સાક્ષીએ ધારણ કરવામાં આવેલ જનોઈ એ વિદ્યા આરંભ કરવાનો પાસપોર્ટ છે. યજ્ઞોપવિત ધારણ કર્યા પછી જ યજ્ઞ કરવાનો અધિકાર મળે છે. અંત્યેષ્ટિ ક્રિયા માટે પણ યજ્ઞોપવિતનું લાઈસન્સ હોવું જરૂરી છે. જનોઈ એ દ્વિજનું લક્ષણ છે અને તેને ડાબા ખભે ધારણ કરવામાં આવે છે. બટુકોને જ્યારે જનોઈ આપવામાં આવે ત્યારે એના ત્રણ તાર હોય છે. લગ્ન પછી એમાં બીજા ત્રણ તાર ઉમેરાય એટલે છ તારની જનોઈ પહેરાવાય છે. આ ઉપરાંત જેના પિતા હયાત ન હોય તેમને નવ તારની જનોઈ પહેરાવવામાં આવે છે.

યજ્ઞોપવિત સંસ્કારને ઉપનયન સંસ્કાર પણ કહેવામાં આવે છે. જન્મથી લઈને મૃત્યુ સુધી આખા જીવન દરમ્યાન સોળ સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે; જેમાં ગર્ભસંસ્કાર , નામકરણ, મુંડન, યજ્ઞોપવિત, વિવાહ, સીમંત સંસ્કાર તથા અંત્યેષ્ટિ સંસ્કાર નો સમાવેશ થાય છે.

જનોઈ એ સત્ત્વ , રજસ અને તમસ એવા ત્રણ ગુણોનું પ્રતિક છે. જનોઈની ગાંઠને “ બ્રહ્મગ્રંથિ ” પણ કહેવાય છે. એમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો વાસ હોય છે. જનોઈમાં નવ દેવતા છે. યજ્ઞોપવિત સંસ્કાર આપતી વખતે દરેકને ગાયત્રી મંત્રની દીક્ષા આપવામાં આવે છે. સૌ પ્રથમ ગણેશ સ્થાપના અને ગોત્રજ પૂજાથી શરૂ કરી ગુરુપૂજન, પીઠી, ગ્રહશાંતિ, મુંડન અને ત્યારબાદ બટુકોને સુંદર રીતે તૈયાર કરી મુંજિયો મનાવવામાં આવે છે. મામા મોસાળુ લઈને આવેલા હોય છે તે મુંજિયાને મનાવી વાજતે-ગાજતે લઈ આવે છે અને સર્વ મહેમાનોને સ્વાદિષ્ટ ભોજનનો રસથાળથી જમાડવામાં આવે છે.

આમ આ ઉપનયન સંસ્કારનું ખૂબ જ મહત્ત્વ છે અને બાળકોના દોષ, દુર્ગુણો દૂર કરી જય, તપ, સાધના, પૂજા, વિદ્યા તથા સદ્‌ગુણોનો સંચાર થાય છે. બાળક જીવનમાં માનવતા, નમ્રતા અને નિયમિતતાના પાઠ ભણી જીવનમાં આગળ વધે છે. પ્રગતિ કરે છે.

અસ્તુ.

**વંદનાબેન દિપકભાઈ દેસાઈ**

## દાતાઓની યાદી


| અનુક્રમ | નામ તથા સરનામા | રકમ રૂા. | દાનની વિગત |
|---|---|---|---|
| ૧. | શ્રીમતિ કિરણબેન માર્કંડભાઈ દેસાઈ | ૨૫,૦૦૦ | શૈક્ષણિક સહાય |
| ૨. | શ્રી દિપકભાઈ નટવરલાલ દેસાઈ | ૧૧,૦૦૦ | શૈક્ષણિક સહાય |
| | માતૃશ્રી સ્વ. મંજુલાબેન નટવરલાલ દેસાઈના સ્મરણાર્થે | | |
| ૩. | શ્રી પરિતોષભાઈ ડી. નાયક | ૧૧,૦૦૦ | શૈક્ષણિક સહાય |
| | માતૃશ્રી શ્રીમતિ વસુમતીબેન ડી. નાયક તરફથી | | |
| ૪. | વિનોદરાય જી. નાયક | ૧૧,૦૦૦ | બિલ્ડીંગ ફંડ |
| ૫. | બંકિમભાઈ રમણલાલ દેસાઈ | ૧૧,૦૦૦ | અન્નદાન ફંડ |
| | પિતાશ્રી સ્વ. રમણલાલ મોરારજી દેસાઈના સ્મરણાર્થે | | |
| ૬. | ઉજ્જ્વલભાઈ ભુપેન્દ્રભાઈ દેસાઈ | ૧,૦૦૦ | મેડિકલ સહાય ફંડ |
| ૭. | બિપિનચંદ્ર ઈશ્વરલાલ દેસાઈ | ૧,૦૦૦ | જનરલ ફંડ |

## સરનામાં ફેરફારની નોંધ

આ.સ.નં. ૫૭૭ **શ્રી જયંત ઠાકોરભાઈ દેસાઈ** મો. ૯૦૯૯૦૧૩૧૫૮
**જૂનુ સરનામું :** ૨૭, પિતાંબર સોસાયટી, ઓલ્ડ પાદરા રોડ, રીલાયન્સ મોલની પાસે, વડોદરા.
**નવું સરનામું :** સી-૭૦૧, નાયસા ક્રોસવીન્ડ, સીનોવ પેલેડીયમની બાજુમાં, વાસણા-ભાયલી રોડ, વડોદરા.

આ.સ.નં. ૯૦૦ **શ્રી બિમલ ભરતભાઈ દેસાઈ** મો. ૯૯૨૫૧૭૦૫૬૪
**જૂનુ સરનામું :** મુ.નલધરી, પો.વાલિયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫.
**નવું સરનામું :** ડી-૭, એફ/૨૪, ગરબા ગ્રાઉન્ડ પાસે, ગાર્ડન સીટી અંકલેશ્વર , ભરૂચ- ૩૯૩૦૦૧.

## સ્વ. દિલીપભાઈ મગનલાલ નાયક



સ્વ. દિલીપભાઈ નો જન્મ વેગામ ગામે સવિતાબેન અને મગનલાલ ભીખુભાઈ નાયક (તલાટી)ના ઘરે થયો હતો. પ્રાથમિક શિક્ષણ વેગામની પ્રાથમિક શાળા અને માધ્યમિક શિક્ષણ ગડતની "અંબિકા હાઈસ્કુલ" થી લીધુ હતું. અમદાવાદની ગુજરાત કોલેજમાંથી બી.એસ.સી. થઈને એમ.એસ.સી. અને એલ.એલ. બી. કરતા હતા ત્યારે ૨૧ વર્ષની વયે જ તેઓએ આઈ.એફ.એસની પરીક્ષા પાસ કરી. ગુજરાત સરકારે તેમને દહેરાદૂન ખાતે ટ્રેઈનીંગમાં મોકલ્યા હતા. ટ્રેઈનીંગ પૂરી થઈ એટલે પહેલું પોસ્ટીંગ ડાંગમાં કર્યુ હતું. ત્યાંથી આગળ વધતા વધતા તેઓ ચીફ કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ, ગુજરાત સરકારના ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા.

આપણે તેમની સામાજીક કાર્યોની ટૂંકમાં વાત કરીએ.

**આરણ્યક નર્સરીઃ-**

આ નર્સરીમાં ૧૫૦ જેટલા ઔષધીય રોપાની વ્યવસ્થા છે. ૪૦ થી ૫૦ હજાર જેટલા રોપા કોઈ પણ જાતનું મૂલ્ય લીધા વગર જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં આપવામાં આવે છે.આ રોપા નવસારી, સુરત, વલસાડ જ નહી પણ ભરૂચ , વડોદરા અને ભુજથી પણ લોકો લેવા આવે છે. આ બધા લોકોને સાદુ ભોજન ચ્હા નાસ્તાની વ્યવસ્થા કરવાનું પણ ખાસ કાળજી રાખવા કહેતા.

આ સિવાય રાજયના દેવાડાના એવા જંગલ વિસ્તારમાં વસતા આદિવાસી પરિવારોના ઉત્થાન અને ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓના પ્રતાપે એવા પરિવારો પણ હવે દેશની ઉન્નતિમાં ભાગીદારી નોંધાવી યોગદાન આપી રહ્યા છે જે આનંદ ની વાત છે.

## અવસાન નોંધ

**નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.શ્રી શુકલેશ્વરદાદા સર્વેના આત્માને ચીર શાંતિ અર્પે.**

૧. **હનુમાન ભાગડા,** હાલ,વડોરાના ગંસ્વ. મીનાબેનના **માતૃશ્રી ગં.સ્વ. ઈન્દિરાબેન નટવરલાલ દેસાઈ નું ઉં.વ. ૮૯,** તા.૦૪-૧૨-૨૦૨૫.

૨. **કોલવા,** હાલ વિહાર સોસાયટી, અકોટા, વડોદરાના શ્રી તુષારભાઈ(LIC)ના **માતૃશ્રી ગં. સ્વ. પદમાબેન ઠાકોરલાલ નાયકનું ઉં.વ. ૮૭,** તા.૨૪-૧૨-૨૦૨૫.

૩. **હલધરૂ,** હાલ ૨૬, આમ્રકુંજ સોસાયટી, ઈલોરાપાર્ક, રેસકોર્ષ, વડોદરાના સ્વ. શ્રી રમેશચંદ્ર ગુલાબભાઈ **દેસાઈ ના ધર્મપત્ની દ્રોપદીબેન (દરૂબેન) રમેશચંદ્ર દેસાઈનું ઉં.વ.૯૩,** તા.૨૨-૦૨-૨૦૨૬.

૪. **ધમડાછા,** હાલ એ-૪૫, મહેશ્વરી સોસાયટી,પ્રથમ ફ્લેટ પાસે,મકરંદ દેસાઈ માર્ગ, ગોત્રી, વડોદરાના શ્રી ગિરીશભાઈ ભીખુભાઈ વશીના **ધર્મપત્ની મમતાબેન ગીરીશભાઈ વશીનું ઉં.વ. ૭૬,** તા.૨૩-૦૨-૨૦૨૬.

૫. **ખડકી ભાગડા,** હાલ બી-૮૬, માતૃસ્મૃતિ સોસાયટી, ઉત્કર્ષ વિદ્યાલય પાછળ, ગદાપુરા, વડોદરાના શ્રી મિતુલભાઈ તથા શ્રી મિરાજભાઈ ના **પિતાશ્રી** અને દક્ષાબેન એસ. દેસાઈના **પતિશ્રી સુભાષભાઈ દોલતરાય દેસાઈનું ઉં.વ. ૭૯,** તા. ૦૧-૦૩-૨૦૨૬.

૬. **એરૂ,** હાલ ૬, બાદશાહનગર, અકોટા, વડોદરાના શ્રીમતિ હેમાંગીબેન રાજીવભાઈ દેસાઈ ના **પતિશ્રી રાજીવભાઈ ઠાકોરભાઈ દેસાઈનું ઉં.વ. ૭૪,** તા. ૦૨-૦૩-૨૦૨૬.

૭. **સુપા (ગુરૂકુલ),** હાલ ૧૪, સર્વોદય સોસાયટી, નિઝામપુરા, વડોદરાના શ્રી બંકિમભાઈ રમણલાલ દેસાઈના **પિતાશ્રી રમણલાલ મોરારજીભાઈ દેસાઈનું ઉં.વ. ૯૬,** તા.૦૨-૦૩.-૨૦૨૬.

૮. **વલસાડ,** હાલ બી-૬૬, ઓમકાર ડુપ્લેક્ષ, મકરપુરા રોડ, વડોદરાના ઉજ્જવલભાઈ ભૂપેન્દ્રભાઈ દેસાઈના **પિતાશ્રી ભૂપેન્દ્રભાઈ ડી. દેસાઈનું ઉં.વ.૭૫,** તા.૨૧-૦૩-૨૦૨૬.

૯. **તલંગપુર,** હાલ એચ/૧૦૧, રૂદ્રાક્ષ બ્લિસ, વૈકુંઠ ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ, વડોદરાના શ્રી મહેશભાઈ નટવરલાલ દેસાઈના **ધર્મપત્ની શ્રીમતિ માયાબેન એમ. દેસાઈનું ઉં.વ.૬૫,** તા.૨૪-૦૩-૨૦૨૬.

## આજીવન સભ્યોની યાદી

૧૮૨૬ શ્રી દિપક ધીરૂભાઈ દેસાઈ મો. ૯૪૨૮૩૦૪૯૮૯
એ-૨૦૧, સમન્વય સ્પર્શ, બિલાબોંગ સ્કૂલની પાછળ, વડસર, વડોદરા.


ANAVIL
PREMIER LEAGUE
2025
TENNIS BALL CRICKET TOURNAMENT
DATE: 10-11 JANUARY 2026
VENUE: ARYAN CRICKET ACADEMY, KHANPUR
LIVE & EXCLUSIVE ON
ASK SPORTS EVENT MANAGEMENT
YOUTUBE CHANNEL




Anavil Dhurandhar-Winners


Anavil Super Kings-Runners Up


















PLAYER OF THE TOURNAMENT - KARAN NAIK
































# મહિલા દિન
























# મહિલા દિન























# એક શામ સિનિયર સિટીઝન કે નામ




















# એક શામ સિનિયર સિટીઝન કે નામ





# એક શામ સિનિયર સિટીઝન કે નામ





# એક શામ સિનિયર સિટીઝન કે નામ












# મારા નાનપણના સ્મરણો

પંડોર ગામના મારા નાનપણના સ્મરણોને તાજા કરું તો ખાસ કરીન દિવાળી તથા ઉનાળાના વેકેશનમાં મિત્રો જોડે રમેલી વિવિધ રમતો જેવી કે આંબલી પીપળી, ગીલ્લી દંડા, ચોર સિપાઈ, કાચની ગોટીઓ, ભમરડા, કિચૂકા તથા પાનાની રમતો આજે પણ મગજમાંથી ખસી નથી.

- વેકેશન પડે અમો ભાઈ + બહેનો મુંબઈથી પહેલી ગાડીમાં ગામ આવી જતા. દરેક દાદા + દાદીને મુડી કરતાં વ્યાજ વ્હાલું હોય છે એ પ્રમાણે અમોને જે લાડ અને વ્હાલ આ વેકેશન દરમ્યાન મળતું એનું વર્ણન કરી શકાય એમ નથી. જાત જાતની વાનગીઓ જેવી કે શેરડીની દુધલ્લી, માલપૂડા, અનાવિલ વડા, પાતરાં, મુઠીયાં, માટલામાં વાલની પાપડી તથા ચોખાના રોટલા, વાલની દાળનું શાક, શેકેલા પાપડ જોડે કાંદા અને ઉપરથી તલનું તેલ, અવજી અને પાનચી કેરી, વિવિધ આંબાની કેરીઓ અને કેરીનો રસ આજે પણ મોઢામાં પાણી લાવી દે છે.
- વેકેશનમાં ગામ ખાતે લગ્ન હોય તો બે ત્રણ દિવસ બેન્ડબાજા વાળા પાસેથી સાંભળવા મળતા ગીતોની લિજ્જત તથા ચોકમાં પંગતમાં બેસીને પતરાળીમાં દાળ + ભાત , લાપસી અને ભજીયાનો ટેસ્ટ કેવી રીતે ભુલી જવાય ?
- બળદગાલ્લીમાં બેસીને બીજે ગામે વડીલો જોડે જઈએ અને એમાં પણ ગાલ્લીમાં આગળ બેસવા મળે એટલે સ્વર્ગ મળી ગયાનો આનંદ કેવી રીતે ભુલી જવાય ?
- ચોમાસાની સીઝનમાં ઘરે ઘરે જુના કપડામાંથી બનાવેલ ઢીંગલા + ઢીંગલી ની રમતો અને એને કોલક નદીમાં ઓવાવવા જવાનું મને હજુ યાદ છે.
- રાતાખાડી તથા કોલક નદી ઉપર પુલ ન હતા અને ભારે વરસાદમાં ચોમાસામાં તરાપા ઉપર બેસીને નદી પાર કરી છે. કોલકના કિનારે બાવાભાઈ સ્ટેડીયમ ઉપર તથા ગામના ચોકમાં અને નિશાળે ક્રિકેટ રમવાની મઝા પણ માણી છે. વેકેશનમાં કોલક નદીમાં દરરોજ સવારે મિત્રો જોડે ન્હાવા જવાનું કેવી રીતે ભુલી જવાય ?
- છોટુભાઈ દેસાઈ તથા ઉકાભાઈ માસ્તરના હાથે ધોરણ ૧ અને ૨ સુધીનો અભ્યાસ પંડોરની શાળામાં કર્યો હતો. એમની સોટીનો માર પણ યાદ છે.
- નરસિંહભાઈના “ હેર કટીંગ સલુન ”નો લીધેલ લાભ યાદ આવે છે. એમનું ઘર હાલમાં જે પંચાયતની ઓફીસ છે તેની બાજુમાં હતું અને બાજુમાં પાંજરાપોળ પણ હતી. જેમાં રખડતાં ઢોરોને પકડીને પુરી દેવામાં આવતા.
- બે પૈંડાવાળા લાકડાનો ગાલ્લા ઉપર કોઈને બેસાડીને ખેંચવાની મઝા પણ માણી છે. આવા લાકડાના ગાલ્લા પંડોરમાં હજુ નિશાની રૂપે ઘણાં ઘરે જોવા મળી રહેશે.
- દાદા + દાદીને ચોમાસામાં ડાંગરના ખેતરમાં પુમળી (છત્રીની જગ્યાએ પાંદરાથી બનાવેલ) ઓઢીને ડાંગર રોપતા મેં જોયા છે.
- મારા દાદાનો હુક્કો (તમાકુ ભરેલ) પણ ચોરી છુપીથી ગગડાવ્યો છે.
- રાતા ખાડી ઉપર દર બુધવારે ભરાતો અટવાડો(હાટ) જેમાં દાદા તરફથી મળતા બે કાણાં પૈસા માંથી સીંગદાણા + ચણા તથા ચણીબોર વિગેરે લઈને ખાવાની મઝા પણ માણી છે.
- ચોમાસામાં નોળીનોમ ના દિવસે કુટુંબનાસર્વે સભ્યો સાથે એકજ ઘરે ખવાતું વિવિધ કઠોળનું વેઈડું + રોટલો અને લીલાં મરચા આજે પણ મોઢામાં પાણી લાવી દે છે.
- નાના બાળકો જેમ બાવાથી ડરે તેમ નાનપણમાં સુપળીચો ડોસો જો અમારા ફળિયામાંથી પસાર થાય તો એની બીકે ઘરમાં પેસી જતા તે હજી યાદ આવે છે.
- મોટીબા પાસે ચકલા ચકલી તથા રાજા રાણીની વાર્તાઓ સાંભળતા સાંભળતાં કેવી મીઠી ઉંઘ આવી જતી એના સ્મરણો હજુ પણ ભુલી શકાતા નથી.
- ડાંગરના પુળાઓને ખરીમાં ફેલાવી બળદોને જોતરીને સાથે ગોળ ગોળ ફરવાની તથા ભાત કાઢવાની મઝા તથા દિવાળી અને બીજના દિવસે ભાતનાં કુંદવાને ફરતે ફરીને દિવો તથા કુલોથી પુજા કરીને દુધ- પૌવા અને ગોળ ખાવાની મઝા પણ માણી છે.
- કોલક નદીમાં ચોમાસામાં બે કાંઠે વહેતા નીર જોયા છે. હુઠી આમલી, ગામના ચોતરા તથા ઘરના ફળિયા સુધી આવેલ પૂરના પાણી પણ જોયા છે. જયારે પૂર આવે ત્યારે એની કુલો અને ચોખાથી ગામની મહિલાઓ પૂજા કરતી અને સુપડાથી પાણીને વધાવી નદીમાતાને શાંત થઈ પૂરના પાણી પાછા વાળી લેવા વિનંતી કરતી એ પણ મેં જોયું છે.
- ઉનાળામાં દાદા જોડે કેરીની વાડીમાં જઈ કેરીઓ બેડી અને એને સાઈઝ પ્રમાણે ગોઠવવા અને ટોપલા સીવવા તથા ઉપર નામ લખવાનું કેવી રીતે ભુલી જવાય ?આ છે મારા બાળપણના સ્મરણો.....

**દિપક એમ. દેસાઈ**
**પ્રમુખ**

# રામાયણ - સુંદરકાંડનુ ગાન શુકલેશ્વર ધામ


આપણા જ્ઞાતિજન અને હનુમાન ભક્ત એવા શ્રી યોગેશચંદ્ર મહેતા તથા જય શ્રી રામ સુંદરકાંડ પરિવાર વડોદરા દ્વારા આ સભ્યોએ મહા શિવરાત્રીની રાત્રે ૧ કલાક સુધી શ્રી શુકલેશ્વર મહાદેવના સાનિધ્યમાં યજ્ઞકુંડ પાસે સંગીતમય સુંદરકાંડનું ગાન થયું. આ ટીમનું ધામે બીજુ વર્ષ અને ૫૫૧ મો પાઠ . ઓમ નમઃ શિવાયની ધૂન. અશોક વાટીકા, રામ સેતુ, હનુમાનજીની પરીક્રમા ગાથા છે. હનુમાન ચાલીસા  કૃત બાવનીનું સંગીતમય જ્ઞાન - પુરા ત્રણ કલાક બેસવા માટે ખુરશીઓ ઘટતી હતી. બધા ભક્ત ગાનમાં તલ્લીન થયા. શુકલેશ્વર મંડળના પદાધિકારીઓ, સદસ્યો દ્વારા આ ટીમનું ખેસ એનાયત કરી સન્માન કર્યુ. આ ટીમ શ્રી રામ સુંદરકાંડ  પરિવાર નિ:શુકલ આ પાઠો વડોદરામાં  કરે  છે. ૫૫૧માં પાઠનું ગાન શ્રી શુકલેશ્વરને ઉંબરે અર્પિત થયો. આ ટીમને  એ વાતનું ગૌરવ હતુ.

**યોગેશચંદ્ર મહેતા**









**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ**
(રજી. નં. એ-૨૩૦૭-વડોદરા)
શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન, આત્મારામ રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
ફોન : ૦૨૬૫ - ૨૪૬૫૪૯૯, મો. ૯૪૦૮૩૫૫૯૪૫

આજીવન સભ્ય નં.

(પિતા/માતા/વિદ્યાર્થી)

તા.

## વિદ્યાર્થી ડેટા ફોર્મ (પુસ્તક સહાય માટે) વર્ષ ૨૦૨૬-૨૭

૧. વિદ્યાર્થીનું નામ :

૧)........................................................................................................

૨)........................................................................................................

૨. પિતા/માતાનું નામ :............................................................................

૩. મોબાઈલ નંબર : પિતા:................................. માતા :...........................................

૪. એડ્રેસ :...................................................................................................

.................................................................................................................

૫. સ્કૂલ / યુનિવર્સિટીનું નામ :.................................................................

૬. અભ્યાસ : સ્કૂલ : ધોરણ - .......................................વિષય :.................................

કોલેજ : વર્ષ /સેમિસ્ટર -...............................વિષય :.................................

**ફોર્મ ભરીને સાથે પુસ્તકનું બિલ ભવનના WhatsApp No. 6351563139 પર મોકલી આપવું.**

**છેલ્લી તા.૩૦-૦૬-૨૦૨૬(સ્કૂલના વિદ્યાર્થી માટે)**

**છેલ્લી તા.૩૧-૦૭-૨૦૨૬ (ડિપ્લોમા/કોલેજના વિદ્યાર્થી માટે)**

વધુ જાણકારી માટે સંપર્ક કરો : ૯૪૦૮૩૫૫૯૪૫

**પુસ્તક સહાયના નિયમ નીચે મુજબ છે :**

૧. આ વર્ષ (૨૦૨૬-૨૭) ધોરણ ૧ થી ૧૨ ડિપ્લોમા / કોલેજના વિદ્યાર્થી માટે પુસ્તક સહાય આપવામાં આવશે. ઉચ્ચ સ્તર અભ્યાસના સ્ટુડેંટસ હાલના નિયમ મુજબ બુક ની ડિટેઈલ આપવાની રહેશે અને એમાં થતી યોગ્ય સહાય નિયમ મુજબ આપવામાં આવશે.

૨. વિદ્યાર્થી ના વાલી (પિતા / માતા) અથવા વિદ્યાર્થી આજીવન સભ્ય હોવા જરૂરી છે. ઘરના વડીલ જો આજીવન મેમ્બર હોય તો ઘરના ભણતા વિદ્યાર્થી ને જાણ કરવી.

૩. પુસ્તક સહાય યોજનામાં અભ્યાસક્રમ (GSEB/CBSE/ડિપ્લોમા/કોલેજ)મુજબના પુસ્તક પર ૫૦% રાહત આપવામાં આવશે.

૪. ૫૦% રાહત મેળવામાં પુસ્તકનું સ્કૂલ/કોલેજ થી મેળવેલ લિસ્ટ અને પુસ્તક લીધાનું બિલ રજુ કરવાનું રહેશે. અભ્યાસક્રમ પુસ્તકનું બિલ દુકાનદાર પાસે અલગથી લેવું. રાહત ફક્ત અભ્યાસના પુસ્તક માટે છે અન્ય વસ્તુ (સ્ટેશનરી/નોટબુક) માટે મળશે નહિ.

૫. ફૂલ સ્કેપ બુકનું વિતરણ તા. ૦૧-૦૫-૨૦૨૬ થી ચાલુ કરવામાં આવશે. કિંમત રૂા. ૧૦ /- (પ્રતિ બુક) રાખવામાં આવેલ છે.

**કોન્ટેકટ : મેનેજર શ્રી કેતનભાઈ સમય : સાંજે ૪ થી ૭**

# Namah Dental Clinic

Dr. Harshit Naik
MDS (Orthodontics)

Dr. Mishita Naik
BDS (Dental Surgeon)

| Treatment available | ઉપલબ્ધ સારવાર |
|---|---|
| • Braces (Metal, clear) | • વાંકાચૂંકા દાંતની સારવાર |
| • Invisalign/ clear aligners | • ઇન્વિસલાઇન/ અલાઇનર્સ |
| • Root canal treatment under magnification | • અત્યાધુનિક પદ્ધતિથી રુટ કેનાલ સારવાર |
| • Dental implants | • ડેન્ટલ ઇમ્પ્લાન્ટ |
| • Denture, Crowns & bridges | • દાંતનું ચોકઠું,દાંતની કેપ અને બ્રિજ |
| • Full mouth rehabilitation | • ફુલ માઉથ રિહેબિલિટેશન |
| • Scaling & teeth whitening | • અલ્ટ્રાસોનિક સ્કેલિંગ/ દાંત પરની છારીની સફાઈ |
| • Esthetic dentistry | • સ્માઈલ ડિઝાઇનિંગ |
| • Wisdom tooth surgery | • ડહાપણની દાઢની સારવાર |
| • Pediatric dentistry | • બાળકોના દાંતની સારવાર |

**Address:** Namah Dental clinic, FF-120, Dwarkesh complex, beside Welcome Hotel, Opp. Jassi de parathe, RC Dutt road, Alkapuri, Vadodara-390007.

**For appointment**-7016304744


ASPIRE
TRAVELWISE
Your Gateway to the World!
FOR BOOKINGS & ENQUIRIES, CONTACT
Sapan Desai
+91 98253 55505
sapan@aspiretravelwise.com
18, Kamdhenu Society,
Meḥesana Nagar Road, Nizampura
Vadodara – 390002, Gujarat (India)
PASSPORT
HOTEL
OUR SERVICES
AIR TICKETS
Domestic & international
VISA
A Countries
HOTEL BOOKING
Worldwide
PACKAGES
Customized Holidays
FOREX
Best Rates Guaranteed
TRAVEL INSURANCE
Secure Your Trip
BEST DEALS
HASSLE-FREE SERVICE
24/7 SUPPORT
Plan Your Dream Journey Today!
ASPIRE TRAVELWISE – WE DON'T JUST BOOK TRIPS, WE CREATE EXPERIENCES!
TRUSTED • RELIABLE • PROFESSIONAL





# SAI PREET INVESTMENT

## All types of Insurance

### Life Insurance

- Child Future Planning
- Risk Cover
- Retirement Planning
- TAX Planning

### General Insurance

**Two Wheeler, Private Car & Commercial vehicle Insurance**

- New India
- HDFC Ergo
- GO Digit
- Bharti Axa
- Reliance
- ICICI lombard etc.

**Health Insurance**

- ICICI lombard
- New India
- Reliance
- HDFC Ergo
- Max Bupa
- Care Health
- Manipal cigna
- Royal Sundram etc.

**Mutual funds ( SIP , lumsum ) • Company Deposits**

Contact on:-

• Jatin Desai

+91 9879560268

jatind67@gmail.com

Kiran Desai (Director)
M. : 85111 49788

# SIGMA INSTRUMENTS PVT. LTD.

**FOR ANALYTICAL & SCIENTIFIC INSTRUMENTS**

Works : 78/2/3, GIDC ESTATE, MAKARPURA, B/H. VCCI COMPLEX, ON VADAR MAIN ROAD, VADODARA - 390 010. GUJARAT (INDIA)

PHONE : 0265-263 4560 / 263 5175, TELEFAX : 2634560
EMAIL : sigmaipl78@gmail.com / info@sigmaipl.com
Website : www.sigmaipl.com

## OUR OWN MANUFACTURED PRODUCTS :

1. Wide Range of Chromatographs.
2. Integrators and Data Stations for GC and HPLC
3. Catalysis Testing Instruments.
4. Split-Open Heaters & Heating Systems.
5. Custom-Built Instruments & Analysers.
6. Online Gas Chromatograph.

**Kiran C. Desai (Partner) M: 85111 49788**

Accuracy + Precession = Quality

# Baroda Analytical Services

78/2/3 GIDC Makarpura, B/h VCCI Complex, Vadsar Main Road, Vadodara-390010.
Ph.:0265-2646622 E-mail : info@barodaanalytical.com Web : barodaanalytical.com

- Analysis of Pharmaceutical API's & formulations, Chemicals, oil, coals & agro products.
- Microbiological environmental monitoring.
- Environmental consultancy.
- Consultancy for analytical lab & establishment & training for W.H.O, GMP-GLP.

ADVT.


Vandana Marathe
9879527180
Jagruti Desai
9429408546
VASTRAM
COLLECTION
All size available
Kurti,Dress material,Sarees,
leggings,pants
21,Nakshtra complex, near SBI
bank, Harni road, Vadodara


ANAVIL
PREMIER LEAGUE
2025
TENNIS BALL CRICKET TOURNAMENT
DATE: 10-11 JANUARY 2026
VENUE: ARYAN CRICKET ACADEMY, KHANPUR
LIVE & EXCLUSIVE ON
ASK SPORTS EVENT MANAGEMENT
YOUTUBE CHANNEL



# Royal caterers & Royal event management

SINCE 1987


## Royal Caterers Now in its 40th Year

**Established by Late Shri Maheshbhai Dolatrai Desai**

**Legacy Continued by Parin Maheshbhai Desai.**



**1, Nageshwar Society,Nr.Nageshwar Temple, Opp. Vrundavan Township, Harni Road, Vadodra.**



**Newly Renovated Prestigious venue comprising a/c banquet hall with capacity if 300 and Lawn with capacity of 500 people**

**Our New Exclusive venue :**
**ARUNODAYA HALL**
18, Arunodaya Society ,
Nr. Crossword Circle,
Alkapuri , Vadodara.

**GRAND ROYAL LAWNS**
❁ Lawn area 30000 Sq ft ❁ Beautiful Landscaping
❁ 2 Rooms ❁ Banquet Facility for 100 People
Pramukh Darshan Society,
Wuda Char Rasta,
Gotri Road , Vadodara.

**CONTACT :- PARIN MAHESHBHAI DESAI (M) 9824251697 , 9824013286**
**Email : - Parkin 2009 sai @ yahoo.com**

પ્રતિશ્રી,

**PUBLISHES BY** Deepakbhai Desai (ONGC) (Editor) (M) 9428519066 , On Behalf of Shree Anavil Pragati Mandal, Shree Mahadev Desai Anavil Bhavan, Atmaram Road, Karelibaug, Vadodara-390018. **Graphic & Design by Aksha Desai, Printed by Pankaj Rathod, at :** Shree Siddhi Printers & Stationers , 42-B, Satkar Society, Near Jyoti Park, Karelibaug, Vadodara-390018. (M) 9825024280 .